
# શ્રી ગીતા સંકલન





સ્તું સાહિત્ય
ર્ધક કાર્યાલય
ઠે. ભદ્ર પાસે.
અમદાવાદ.

सूरि
नगर

## નિવેદન

શ્રીમદ્ ભગવદ્ગીતાના સારરૂપ એવા ૪૨ શ્લોકો શ્રી રમણ મહર્ષિએ પસંદ કરીને એવા ક્રમમાં ગોઠવ્યા છે કે જેથી વાચકને ગીતાના મૂળ સિદ્ધાંતો ટૂંકામાં સમજાઈ જાય.

દરેક શ્લોકનો ગુજરાતી અનુવાદ તથા સમશ્લોકી ભાષાંતર અપાયું છે. ગુજરાતી અનુવાદ **મહાત્મા ગાંધીજી**ના અનાસક્તિયોગમાંથી લેવાયો છે અને સમશ્લોકી અનુવાદ શ્રી. **કિશોરલાલ ઘ. મશરૂવાળા**નો લેવાયો છે.

તે ઉપરાંત યોગવાસિષ્ઠના ૧૦ શ્લોકો, વિવેકચૂડામણિના ૧૦ શ્લોકો અને શિવાનંદલહરીના ૧૦ શ્લોકો—એમ બીજાં ત્રણ સંકલનો અનુવાદ સાથે આપ્યાં છે.

આ પુસ્તકની આ ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાની રજા શ્રી રમણાશ્રમ, તિરુવન્નુમલયમ તરફથી સંસ્થાને મળી છે, તે માટે અહીં એ આશ્રમના વ્યવસ્થાપક મહાશયનો આભાર માનવામાં આવે છે.

ન્યૂ દિલ્હી, તા. ૧૫-૩-૪૫ — સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટવતી
મનુ સૂબેદાર (પ્રમુખ)

Serving JinShasan
026094
gyanmandir@kobatirth.org

પ્રત ૨૦૦૦૦ : :

ત્રણ આના

# શ્રી ગીતા સંકલન

[ શ્રી રમણમહર્ષિએ ભગવદ્ગીતાના ૭૦૦ શ્લોકોમાંથી પસંદ કરેલા નીચેના ૪૨ શ્લોકોનો સમશ્લોકી અનુવાદ શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળાનો અને ગુજરાતીઅનુવાદ મહાત્મા ગાંધીજીનો આપેલો છે.]

**॥ संजय उवाच ॥ સંજય બોલ્યા-**

तं तथा कृपयाऽऽविष्टमश्रुपूर्णाकुलेक्षणम् ।
विषीदन्तमिदं वाक्यमुवाच मधुसूदनः ॥ २–१ ॥

**કૃપાના વેગથી ખિન્ન, આંસુથી વ્યગ્રદૃષ્ટિના;**
**પાર્થ પ્રત્યે કહ્યાં આવાં વચનો મધુસૂદને.**

આમ કરુણાથી દીન થઈ ગયેલા અને અશ્રુપૂર્ણ વ્યાકુળ નેત્રોવાળા દુઃખી અર્જુન પ્રત્યે મધુસૂદને આ વચન કહ્યાં: (૧)

**॥ श्रीभगवानुवाच ॥ શ્રી ભગવાન બોલ્યા-**

इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते ।
एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः ॥ १३–१

**ક્ષેત્ર એ નામથી જ્ઞાની કહેતા આ શરીરને;**
**ક્ષેત્રજ્ઞને જાણનારો જે, તેને ક્ષેત્રજ્ઞ તે કહે.**

હે કૌન્તેય ! આ શરીર તે ક્ષેત્ર કહેવાય છે, અને એને જે જાણે છે તેને તત્ત્વજ્ઞાનીઓ ક્ષેત્રજ્ઞ કહે છે. (૨)

क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत ।
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ॥ १३–२

વળી ક્ષેત્રજ્ઞ તો જાણ મને જ સર્વ ક્ષેત્રમાં;
ક્ષેત્રક્ષેત્રજ્ઞનું જ્ઞાન, તેને હું જ્ઞાન માનતો.

અને હે ભારત ! બધાં ક્ષેત્રો–શરીરો–ને વિષે રહેલો મને ક્ષેત્રજ્ઞ જાણ. ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞના ભેદનું જ્ઞાન તે જ્ઞાન છે એમ મારો અભિપ્રાય છે. (૩)

अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः ।
अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ॥ १०–२०

હું જ આત્મા રહ્યો સર્વ ભૂતોનાં હૃદયો વિષે;
આદિ, મધ્ય તથા અંત, હું જ છું ભૂતમાત્રનાં.

હે ગુડાકેશ ! હું બધાં પ્રાણીઓના હૃદયને વિષે રહેલો આત્મા છું. હું જ ભૂતમાત્રનો આદિ, મધ્ય અને અંત છું. (૪)

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥ २–२७

જન્મ્યાનું નિશ્ચયે મૃત્યુ મૂઆનો જન્મ નિશ્ચયે;
માટે ઉપાય ના તેમાં તારો શોક ઘટે નહિ.

જન્મેલાને મૃત્યુ અને મરેલાને જન્મ અનિવાર્ય છે. તેથી જે અનિવાર્ય છે તેનો શોક કરવો યોગ્ય નથી.(૫)

न जायते म्रियते वा कदाचिन्नायं
भूत्वा भविता वा न भूयः।
अजो नित्यश्शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥ २–२०

ન જન્મ પામે, ન કદાપિ મૃત્યુ,
ન્હોતો ન તે, કે ન હશે ન પાછો;
અજન્મ, તે નિત્ય, પુરાણ, શાશ્વત;
હણ્યે શરીરે ન હણાય તે તો.

આ કદી જન્મતો નથી, મરતો નથી; આ હતો અને હવે પછી થવાનો નથી એવું યે નથી; તેથી તે અજન્મા છે, નિત્ય છે, શાશ્વત છે, પુરાતન છે; શરીરનો નાશ થવાથી તેનો નાશ થતો નથી. (૬)

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥ २–२४

છેદાય ના, બળે ના તે, ન ભીંજે, ન સુકાય તે;
સર્વવ્યાપક એ નિત્ય, સ્થિર, નિશ્ચળ, શાશ્વત.

આ છેદી શકાતો નથી બાળી, શકાતો નથી, આ નિત્ય છે, સર્વગત છે, સ્થિર છે, અચળ છે અને સનાતન છે. (૭)

अविनाशी तु तद्विद्धि येन सर्वमिदं ततम् ।
विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हति ॥ २–१७

જાણજે અવિનાશી તે જેણે વિસ્તાર્યું આ બધું;
તે અવ્યય તણો નાશ કોઈયે ના કરી શકે.

જે વડે આ અખિલ જગત વ્યાપ્ત છે તેને તું અવિનાશી જાણજે. આ અવ્યયનો નાશ કરવા કોઈ સમર્થ નથી. (૮)

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥ २–१६

અસત્યને ન અસ્તિત્વ, સત્યનો ન વિનાશ છે;
તેમનો બેઉનો સાર નિહાળ્યો તત્વદર્શિએ.

અસત્‌ની હસ્તી નથી, ને સત્‌નો નાશ નથી. આ બન્નેનો નિર્ણય જ્ઞાનીઓએ જાણ્યો છે. (૯)

यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते।
सर्वत्रावस्थितो देहे तथाऽऽत्मा नोपलिप्यते ॥ १३–३२

સૂક્ષ્મતા કારણે વ્યોમ સર્વવ્યાપી અલિપ્ત રહે;
દેહમાં તેમ સર્વત્ર વસી આત્મા અલિપ્ત રહે.

જેમ સૂક્ષ્મ હોવાથી સર્વવ્યાપી આકાશ લેપાતું નથી, તેમ સર્વ દેહને વિષે રહેલો આત્મા લેપાતો નથી. (૧૦)

न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ॥
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥ १५–६

સૂર્ય તેને પ્રકાશે ના, ચંદ્ર ના, નહિ અગ્નિ યે;
જ્યાં પો'ચી ના ફરે પાછા, મારું તે ધામ ઉત્તમ.

ત્યાં સૂર્યને, ચન્દ્રને કે અગ્નિને પ્રકાશ આપવાપણું નથી હોતું. જ્યાં જનારને ફરી જન્મવું નથી પડતું એ મારું પરમ ધામ છે. (૧૧)

अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम्।
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ॥ ८–२१

જેને અક્ષર, અવ્યક્ત, કહે તે જ પરંગતિ
જે પામ્યે ના ફરે ફેરા, મારું તે ધામ છે પરમ.

જે અવ્યક્ત, અક્ષર ( અવિનાશી ) કહેવાય છે તેને જ પરમ ગતિ કહે છે. જેને પામ્યા પછી લોકો ને પુનર્જન્મ નથી થતો તે મારું પરમ ધામ છે. (૧૨)

निर्मानमोहा जितसङ्गदोषा
अध्यात्मनित्या विनिवृत्तकामाः ।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञै-
र्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥ १५–५

નિર્માન, નિર્મોહ, અસંગવૃત્તિ,
અધ્યાત્મનિષ્ઠા નિત, શાંતકામ;
છૂટેલ દ્વંદ્વે સુખ-દુઃખ રૂપી,
અમૂઢ તે અવ્યય ધામ પામે.

જેણે માન-મોહનો ત્યાગ કર્યો છે, જેણે આસક્તિથી થતા દોષોને દૂર કર્યા છે, જે આત્મામાં નિત્ય નિમગ્ન છે, જેના વિષયો શમી ગયા છે, જે સુખદુઃખરૂપી દ્વન્દ્વોથી મુક્ત છે તે જ્ઞાની અવિનાશી પદને પામે છે. (૧૩)

यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥ १६–२३

છોડીને શાસ્ત્રનો માર્ગ, વર્તે સ્વચ્છંદથી નર.
નહિ તે સિદ્ધિને પામે, ન સુખે, ન પરંગતિ.

જે મનુષ્ય શાસ્ત્રવિધિને છોડીને સ્વેચ્છાએ ભોગોમાં રાચે છે તે નથી સિદ્ધિ મેળવતો, નથી સુખ મેળવતો, નથી પરમ ગતિ મેળવતો. (૧૪)

समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति ॥ १३–२७

**સમાન સર્વ ભૂતોમાં રહેલા પરમેશ્વર;**
**અનાશી નાશવંતોમાં, તે દેખે તે જ દેખતો.**

સર્વ નાશવંત પ્રાણીઓને વિષે અવિનાશી પરમેશ્વરને સમભાવે રહેલો જે જાણે છે તે જ તેને જાણનાર છે. (૧૫)

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥ ११–५४

**અનન્ય ભક્તિએ, પાર્થ, આમ તત્વથી શક્ય છે,**
**જાણવો, દેખવો તેમ પ્રવેશો મુજમાં થવો.**

પણ હે અર્જુન ! હે પરંતપ ! મારે વિષે એવું જ્ઞાન, એવાં મારાં દર્શન અને મારામાં વાસ્તવિક પ્રવેશ કેવળ અનન્ય ભક્તિથી શક્ય છે. (૧૬)

सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ।
श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ॥ १७–३

**જેવું જે જીવનું સત્ત્વ, શ્રદ્ધા તેવી જ તે વિષે;**
**શ્રદ્ધાની પ્રતિમા દેહી, જે શ્રદ્ધા તેજ તે બને.**

હે ભારત ! બધાની શ્રદ્ધા પોતાના સ્વભાવને અનુસરે છે. મનુષ્યને કંઇક ને કંઇક શ્રદ્ધા તો હોય જ. જેવી જેની શ્રદ્ધા તેવો તે થાય છે. (૧૭)

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥ ४–३९

**મેળવે જ્ઞાન શ્રદ્ધાળુ, જે જિતેંન્દ્રિય તત્પર;**
**મેળવી જ્ઞાનને પામે શીઘ્ર પરમશાંતિને.**

શ્રદ્ધાવાન, ઈશ્વરપરાયણ, જીતેન્દ્રિય પુરુષ જ્ઞાન પામે છે અને જ્ઞાન પામીને તરત પરમ શાન્તિ મેળવે છે. (૧૮)

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥ १०–१०

**એવા અખંડ યોગીને, ભજતા પ્રીતિથી મને,**
**આપુ તે બુદ્ધિનો યોગ, જેથી આવી મને મળે.**

એમ મારામાં તન્મય રહેનાર અને મને પ્રેમપૂર્વક ભજનારને હું જ્ઞાન આપું છું ને તેથી તેઓ મને પામે છે. (૧૯)

तेषामेवानुकम्पार्थमहमज्ञानजं तमः ।
नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ॥ १०–११

ધરીને કરુણા તેની અજ્ઞાન તમને હણું,
રહેલો આત્મભાવે હું તેજસ્વી જ્ઞાનદીપથી.

તેમની ઉપર દયા લાવીને તેમના હૃદયમાં રહેલો હું જ્ઞાનરૂપી પ્રકાશમય દીવાથી તેમના અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરું છું. (૨૦)

ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ।
तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥ ५–१६

જ્ઞાનથી નાશ તો પામ્યું નિજ અજ્ઞાન જેમનું;
તેમનું સૂર્ય-શું જ્ઞાન પ્રકાશે પરમાત્મને.

પણ જેમના અજ્ઞાનનો આત્મજ્ઞાન વડે નાશ થયો છે તેમનું તે સૂર્યના જેવું, પ્રકાશમય જ્ઞાન પરમતત્ત્વનાં દર્શન કરાવે છે. (૨૧)

इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥ ३–४२

ઇન્દ્રિયોને કહે સૂક્ષ્મ, સૂક્ષ્મ ઇન્દ્રિયથી મન,
મનથી સૂક્ષ્મ તો બુદ્ધિ, બુદ્ધિથી સૂક્ષ્મ તે રહ્યો.

ઇન્દ્રિયો સૂક્ષ્મ છે, તેથી વધારે સૂક્ષ્મ મન છે. તેથી વધારે સૂક્ષ્મ બુદ્ધિ છે. બુદ્ધિથી પણ અત્યંત

સૂક્ષ્મ છે તે આત્મા છે. (૨૨)

एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ॥ ३–४३

**એમ બુદ્ધિ પરે જાણી, આપથી આપ નિગ્રહી,**
**દુર્જય કામરૂપી આ વેરીનો કર ઘાત તું.**

આમ બુદ્ધિથી પર આત્માને ઓળખીને અને આત્મા વડે મનને વશ કરીને હે મહાબાહો! કામરૂપ દુર્જય શત્રુનો સંહાર કર. (૨૩)

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥ ४–३७

**જેમ અગ્નિ ભભૂકેલો કરે છે ભસ્મ કાષ્ટને,**
**તેમ બાળી કરે ભસ્મ જ્ઞાનાગ્નિ સર્વ કર્મને.**

હે અર્જુન! જેમ પ્રગટેલો અગ્નિ બળતણને બાળી નાખે છે તેમ જ જ્ઞાનરૂપી અગ્નિ બધાં કર્મોને બાળી નાખે છે. (૨૪)

यस्य सर्वे समारम्भाः कामसंकल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ॥ ४–१९

**જેના સર્વે સમારંભો કામ–સંકલ્પ–હીન છે;**
**તે જ્ઞાનીના બળ્યાં કર્મ જ્ઞાનાગ્નિથી કહે બુધો.**

જેના સર્વ આરંભો કામના અને સંકલ્પ વિનાના છે, તેનાં કર્મો જ્ઞાનરૂપી અગ્નિ વડે બળી ગયાં છે, આવાને જ્ઞાની લોકો પંડિત કહે છે. (૨૫)

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ॥५–२६

**કામ ને ક્રોધથી મુક્ત, યતિ જે, આત્મનિગ્રહી,**
**વર્તે તે આત્મજ્ઞાનીને બ્રહ્મનિર્વાણ સૌ દિશે.**

જે પોતાને ઓળખે છે, જેણે કામક્રોધ જીત્યા છે, જેણે મનને વશ કર્યું છે એવા યતિઓને સર્વત્ર બ્રહ્મનિર્વાણ જ છે. (૨૬)

शनैः शनैरुपरमेद् बुद्धया धृतिगृहीतया ।
आत्मसंस्थं मनः कृत्वा न किञ्चिदपि चिन्तयेत् ॥ ६-२५

**ધીરે ધીરે કરી શાંત ધૃતિપૂર્વક બુદ્ધિથી,**
**આત્મામાં મનને રાખી ચિંતવવું ન કાંઈયે.**

અડગ બુદ્ધિ વડે યોગી ધીમે ધીમે વિરમે અને મનને આત્મામાં પરોવીને બીજા કશાનો વિચાર ન કરે. (૨૭)

यतो यतो निश्चरति मनश्चञ्चलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥ ६–२६

**જ્યાં જ્યાંથી ચળી જાય મન ચંચળ, અસ્થિર,**
**ત્યાં ત્યાંથી નિયમે લાવી આત્મામાં જ નરે વશ.**

જ્યાં જ્યાં ચંચળ અને અસ્થિર મન ભાગે ત્યાં ત્યાંથી (યોગી) તેને નિયમમાં આણીને પોતાને વશ લાવે. (૨૮)

यतेन्द्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ।
विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः ॥ ५–२८

**ઇંદ્રિયો, મન ને બુદ્ધિ જીત્યાં, મોક્ષપરાયણ,**
**ટાળ્યાં ઇચ્છા–ભય–ક્રોધ, તે મુનિ મુક્ત સદા.**

ઇન્દ્રિય, મન અને બુદ્ધિને વશ કરીને, તથા ઇચ્છા, ભય અને ક્રોધથી રહિત થઈને જે મુનિ મોક્ષને વિષે પરાયણ રહે છે તે સદા મુક્ત જ છે. (૨૯)

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥ ६–२९

**દેખે સૌ ભૂતમાં આત્મા ને સૌ ભૂતોય આત્મમાં;**
**સર્વત્ર સમદર્શી જે યુક્તાત્મા યોગથી થયો.**

બધે સમભાવ રાખનારો યોગી પોતાને ભૂતમાત્રમાં અને ભૂતમાત્રને પોતામાં જુએ છે. (૩૦)

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥ ९–२२

અનન્ય ચિત્તથી જેઓ કરે મારી ઉપાસના,
તે નિત્યયુક્ત ભક્તોનો યોગક્ષેમ ઉપાડું હું.

જે લોકો અનન્યભાવે મારું ચિંતવન કરતા મને ભજે છે તે નિત્ય મારામાં જ રત રહેલાનાં યોગક્ષેમનો ભાર હું ઉઠાવું છું. (૩૧)

तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥७–१७

તેમાં જ્ઞાની સદા યોગી, અનન્ય ભક્ત, તે ચડે;
જ્ઞાનીને હું ઘણો વા'લો, તે યે વા'લો મને, વળી.

તેમનામાં જે નિત્ય સમભાવી એકને જ ભજનારો છે તે જ્ઞાની શ્રેષ્ઠ છે. હું જ્ઞાનીને અત્યન્ત પ્રિય છું અને જ્ઞાની મને પ્રિય છે. (૩૨)

बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥ ७–१९

પામી જ્ઞાન ઘણે જન્મે તે આવે શરણે મ'ને,
'સર્વ આ બ્રહ્મ' જાણી તે મહાત્મા અતિ દુર્લભ.

ઘણા જન્મોને અંતે જ્ઞાની મને પામે છે. બધું

વાસુદેવમય છે એમ જાણનારો આવો મહાત્મા બહુ દુર્લભ છે. (૩૩)

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥ २–५५

**મનની કામના સર્વ છોડીને, આત્મમાં જ જે,**
**રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતપ્રજ્ઞ જાણવો.**

હે પાર્થ ! જ્યારે મનુષ્ય મનમાં ઊઠતી બધી કામનાઓનો ત્યાગ કરે છે અને આત્મા વડે જ આત્મામાં સંતુષ્ટ રહે છે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.

विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निस्पृहः ।
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ॥ २–७१

**છોડીને કામના સર્વે ફરે જે નર નિઃસ્પૃહ,**
**અહંતા–મમતા મૂકી, તે પામે શાંતિ, ભારત.**

બધી કામનાઓને છોડી જે પુરુષ ઇચ્છા, મમતા અને અહંકારરહિત થઈ વિચરે છે તે જ શાન્તિ પામે છે. (૩૫)

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥ १२–१५

**જેથી ના લોકોને ક્ષોભ, જેને ના ક્ષોભ લોકથી;**
**હર્ષ–ચિંતા–ભય–ક્રોધે છૂટ્યો જે તે મને પ્રિય.**

જેનાથી લોકો ઉદ્વેગ નથી પામતા, જે લોકોથી ઉદ્વેગ નથી પામતો, જે હર્ષ, ક્રોધ, અદેખાઈ, ભય ઉદ્વેગથી મુક્ત છે, તે મને પ્રિય છે. (૩૬)

मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ।
सर्वारम्भपरित्यागी गुणातीतस्स उच्यते ॥ १४—५

**માનાપમાનમાં તુલ્ય, તુલ્ય જે શત્રુમિત્રમાં;**
**સૌ કર્મારંભ છોડેલો, ગુણાતીત ગણાય તે.**

જેને માન ને અપમાન સરખાં છે, જે મિત્રપક્ષ અને શત્રુપક્ષને વિષે સમભાવી છે અને જેણે સર્વ આરંભનો ત્યાગ કર્યો છે તે ગુણાતીત કહેવાય છે. ૩૭

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च सन्तुष्टस्तस्य कार्यं न विद्यते ॥ ३—१७

**આત્મામાં જ રમે જે તો, આત્માથી તૃપ્ત જે રહે,**
**આત્મામાં જ સંતુષ્ટ, તેને કો' કાર્ય ના રહ્યું.**

પણ જે મનુષ્ય આત્મામાં જ રમનારો છે, જે તેથી જ તૃપ્ત રહે છે અને તેમાં જ સંતોષ માને છે તેને કંઈ કરવાપણું નથી હોતું. (૩૮)

नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥ ३—१८

કરે કે ન કરે તેથી તેને કો' હેતુ ના જગે;
કોઈયે ભૂતમાં તેને કશો સ્વાર્થ રહ્યો નહિ.

કરવા ન કરવામાં તેનો કંઈ જ સ્વાર્થ નથી. ભૂતમાત્રને વિષે તેને કશો અંગત સ્વાર્થ નથી. (૩૯)

यदृच्छालाभसन्तुष्टो द्वन्द्वातीतो विमत्सरः ।
समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबध्यते ॥ ४-२२

સંતુષ્ટ જે મળે તેથી, નિષ્પાપ, દ્વંદ્વમુક્ત જે,
સિદ્ધિઅસિદ્ધિમાં તુલ્ય, તે ન બંધાય કર્મથી.

જે સહજ મળેલું હોય તેથી સંતુષ્ટ રહે છે, જે સુખદુ:ખાદિ દ્વંદ્વથી મુક્ત થયો છે, જે દ્વેષરહિત થયો છે, અને જે સફળતા નિષ્ફળતાને વિષે તટસ્થ છે તે કર્મ કરતો છતો બંધાતો નથી. (૪૦)

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥ १८-६१

વસતો સર્વ ભૂતોનાં હૃદયે પરમેશ્વર,
માયાથી ફેરવે સૌને, જાણે કે યંત્રમાં ધર્યાં.

હે અર્જુન! ઇશ્વર બધાં પ્રાણીઓનાં હૃદયમાં વાસ કરે છે, અને પોતાની માયાને બળે ચાક ઉપર ચડેલા ઘડાની જેમ તેમને ચકરચકર ફેરવે છે. (૪૧)

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्ति स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥१८-६२

શરણે સર્વભાવે જા તેને જ, તદનુગ્રહે,
પામીશ તું પરં શાંતિ વળી, શાશ્વત સ્થાનને.

હે ભારત! સર્વભાવથી તું તેનું શરણ લે. તેની કૃપા વડે પરમશાન્તિમય અમરપદને પામીશ. (૪૨)

सारोऽयमिह सारस्य गीतायाः सुविराजते ।
संगृहीतो भगवता रमणेन महर्षिणा ॥
य इमाश्वच्छ्रद्धयाऽधीते श्लोकान्षट् सप्त संख्यकान् ।
सोऽधिगत्य तु गीतायास्तात्पर्यं सुखमश्नुते ॥

ગીતાના સારનો સાર, ઉત્તમ તત્ત્વબોધ આ,
બેંતાળી શ્લોકમાં ગૂંથ્યો, શ્રી રમણ મહર્ષિએ.
શ્રદ્ધાભક્તિભર્યા ચિત્તે, ધારે આ ઉપદેશ જે,
ગીતાનો મર્મ તે જાણી આત્માનું સુખ મેળવે.

ભગવાન્ શ્રીરમણ મહર્ષિએ સંગ્રહિત કરેલો શ્રીમદ્ ભગવદ્ ગીતાનો આ શુભ સાર છે, જેઓ આ ૪૨ શ્લોકોનું શ્રદ્ધાપૂર્વક અને ભક્તિપૂર્વક અધ્યયન કરે છે તેઓ ગીતાનું તાત્પર્ય સમજી જાય છે અને પરિણામે સુખ પામે છે. (૪૩)

॥ ॐ श्री रमणार्पणमस्तु ॥

# ગીતા સંકલનનો આમુખ

• મનુષ્ય યુગો થયાં જે સનાતન સત્યની ખોજ કરી રહ્યો છે તે શું છે? આપણા આ નાશવંત છતાં દુ:ખપૂર્ણ દેખાતા જીવનમાં તેની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે? ગીતા સંકલનના પ્રથમ શ્લોકમાં રજુ થતા આ પ્રશ્નોના જવાબમાં, શ્રીકૃષ્ણ ભગવાને 'તારું સ્વરૂપ ઓળખ' એવો સનાતન જ્ઞાનસંદેશ સુણાવ્યો છે અને ભગવાન શ્રીરમણ મહર્ષિના બોધનું તાત્પર્ય પણ એ જ છે. એમનો બોધ સાધકને આત્મવિદ્યાની પ્રાપ્તિના પ્રત્યક્ષ સાધન તરીકે 'હું કોણ?'ની વિચારણા કરવાનું શીખવે છે. પોતાના આ સંદેશાને સ્પષ્ટપણે રજૂ કરવા ખાતર, કેટલાક ભક્તોની પ્રાર્થના અનુસાર શ્રી-મહર્ષિએ ભગવદ્ગીતાના ૭૦૦ શ્લોકોમાંથી આ ૪૨ શ્લોકો પસંદ કર્યા છે અને આ પુસ્તકમાં છાપ્યા મુજબના અનુક્રમમાં તે શ્લોકો ગોઠવ્યા છે.

સંકલનમાં મુખ્યત્ત્વે કરીને જ્ઞાન અને ભક્તિ-માર્ગ પર ભાર મૂકાયો છે અને નિષ્કામ કર્મનો માર્ગ તો એ બન્નેમાં ગર્ભિત જ છે. ખરું જોતાં તો શ્રીમહર્ષિના કથન અનુસાર જ્ઞાની જ સારો કર્મયોગી થઈ શકે છે. આમ આ ૪૨ શ્લોકોમાં

ભગવદ્ ગીતાનો સારાંશ આવી જાય છે અને તે સચ્ચિદાનંદ આત્માની પ્રાપ્તિનું પ્રત્યક્ષ સાધન બતાવે છે. આ આત્મપ્રાપ્તિ જ યુગો થયાં મનુષ્યની ખોજનું એક અને અંતિમ ધ્યેય રહ્યું છે.

આધ્યાત્મિક સત્ય માટેની ખોજ માટે, જંગલમાં અને ગુફામાં વસી એકાંતિક જીવન ગુજારવાની જરા યે જરૂર નથી. પોતાની ત્યાગની ભાવનાને કારણે, સાધક કોઈવાર આવું એકાંતિક જીવન સ્વીકારે છે; છતાં યે તે જાણે છે કે પોતાની ખોજનું ધ્યેય પોતાની અંદર જ છે અને તેની પ્રાપ્તિનો આધાર આસપાસના વાતાવરણ પર મુદ્દલ નથી. બધી બાહ્ય વસ્તુઓ, સ્થૂળ દેહ અને તેની આસપાસના વાતાવરણમાંથી મનને ઊઠાવી લઈને તેણે વિચારના મૂળરૂપી આત્મા અથવા શુદ્ધ સદ્‌વસ્તુના 'હું'ની ખોજ કરવાની છે. આ અમર આત્માને નિશ્ચયપૂર્વક 'બધાં ક્ષેત્રો—શરીરો—ને વિષે રહેલા ક્ષેત્રજ્ઞ' તરીકે જાણવો એ જ સત્યની પ્રાપ્તિ છે. (શ્લોક ૨ થી ૪). આત્મા અજન્મા છે, નિત્ય છે, શાશ્વત છે, પુરાતન છે અને શરીરનો નાશ થવાથી તેનો નાશ થતો નથી. તેના પર પંચતત્ત્વોની અસર થતી નથી અને સ્થૂળદેહમાં તે લેપાતો નથી. તે નિત્ય અને સર્વગત, અચળ અને સનાતન છે. તે

સ્વયંપ્રકાશ હોઇ, તેના થકી જ બીજું જાણી શકાય છે અને તેથી જ સૂર્યને, ચંદ્રને કે અગ્નિને ત્યાં પ્રકાશ આપવાપણું રહેતું નથી.

આવો શુદ્ધ સનાતન આત્મા એ જ આપણું સાચું સ્વરુપ છે. આપણે રોગ અને મરણને આધીન થનારું સ્થૂળ શરીરે નથી અથવા ગુણોને આધીન થનારું મન પણ નથી. (૫ થી ૧૧ સુધીના) આ સાત શ્લોકોમાં આ પ્રકારે વર્ણવેલા આત્માના સ્વરૂપનું ઊંડું ચિંતન અને આપણે 'ખરેખર શુદ્ધ સનાતન આત્મા છીએ, એ સત્યનું નિરંતર સ્મરણ આપણા મનને ઊર્ધ્વગતિ આપી, જીવન પ્રત્યેની આપણી દૃષ્ટિને ઉદાત્ત બનાવે છે. આવા ચિંતન અને સતત્ આત્મભાન વડે અજ્ઞાનમાંથી પેદા થતી આપણી મિથ્યા આસક્તિઓ દૂર થાય છે તથા સમગ્ર જીવનને સમજનારી તેમ જ તેનાથી યે પર જનારી એક નવીન દૃષ્ટિ આપણને પ્રાપ્ત થાય છે. જેઓએ અવ્યક્ત અને અવિનાશી આત્માનો સાક્ષાત્કાર કર્યો છે તેઓનો પુનર્જન્મ થતો નથી, કારણ કે કામના, આસક્ત અને સર્વ ભ્રાન્તિના મૂળરૂપી મનની પ્રત્યેક દોષનો ત્યાગ કરીને જ તેઓએ પરમ ગતિ મેળવેલી હોય છે. (શ્લોક ૧૨–૧૩).

માટે સાચા સાધકે શાસ્ત્રવિધિને નિષ્ઠાપૂર્વક

વળગી રહી, સૂક્ષ્મ કામનાના શિકાર બનવું ન જોઇએ. કર્તવ્યની ભાવનાને લીધે નહિ પણ કામનાના આવેશથી દોરવાઈને જે સ્વચ્છંદતાથી વર્તે છે અને એ રીતે મનને સંતોષીને, સુખ તથા શાંતિ મેળવવાની આશા રાખે છે તેની ભ્રાન્તિ સત્વર દૂર થઈ જાય છે. આમ કરવા છતાં તે અજ્ઞાની અને દુઃખી જ રહે છે; કારણ કે કામના કદી સંતોષાતી જ નથી અને તેને જેમ વધુ સંતોષવામાં આવે છે તેમ તેની ભૂખ વધતી જ જાય છે એમ જાણવા છતાં યે પોતાને જકડનારી એ કામનાના પાશમાંથી છૂટી શકવાને તે અસમર્થ હોય છે. જેમ જેમ તે કામનાને સંતોષતો જાય છે, તેમ તેમ તેની જરૂરિયાત અને અતૃપ્તિ વધતી જ જાય છે. ભોગની શોધમાં કામનાવશ થઇને, તે શાસ્ત્રવિધિનું ઉલ્લંઘન કરે છે અને પરિણામે તેને નથી મળતી સિદ્ધિ, નથી મળતું સુખ કે નથી મળતી પરમગતિ. પૂર્ણજીવન ગાળનારા આત્મકામ પુરુષને જે પરમસુખ મળે છે તે તેને માટે નથી. (શ્લોક ૧૪) સર્વ નાશવંત પ્રાણીઓને વિષે અવિનાશી પરમેશ્વરને સમભાવે રહેલો જે જાણે છે, તે જ સદ્દર્શન પામી, પરમ શાંતિ અનુભવે છે. (શ્લોક ૧૫)

પરમાત્મા અને આત્મા એક જ છે અને તે

ભક્તોના હૃદયમાં વસેલો છે. આત્માની શોધ કરવી અને હૃદયમાં તેની જોડે અનન્ય ભાવે સ્થિતિ કરવી એ જ જ્ઞાન છે અને એ જ ભક્તિ છે. એ દશામાં 'અન્યપણું' જ નથી અને આ પ્રકારે જ અર્થાત્ લેશ પણ અન્યપણા વિના જ, પરમાત્માનું જ્ઞાન, દર્શન તેમ જ તેમનામાં વાસ્તવિક પ્રવેશ શક્ય બને છે. જો સાધકમાં અડગ શ્રદ્ધા અને ધ્યેયનિષ્ઠા હોય તો જ તે આ પરમગતિ પામે છે; કારણ કે શ્રદ્ધા અને નિષ્ઠાના આ બે ગુણો વિના કોઈ પણ સાધના અખંડપણે થઈ શકતી નથી. (શ્લો. ૧૬)

માણસનો સ્વભાવ જ એવો છે કે તેનામાં એક યા બીજી જાતની શ્રદ્ધા હોય જ છે. માણસનું જીવન ગમે તે પ્રકારનું હોય, પરંતુ તેના આચરણના નિયમોને લગતી કોઈ શ્રદ્ધા મુજબ જ તેનું વર્તન હોય છે. તેની આવી શ્રદ્ધા મોટે ભાગે અજાણપણે અને જીવન તથા સમાજ વચ્ચેના આંતરિક વ્યવહારની જુદી જુદી ઘટનાઓને પરિણામે પેદા થયેલી હોય છે. દાખલા તરીકે કોઈ સામાન્ય માણસને અજાણપણે અને અપ્રગટ રીતે એવી શ્રદ્ધા થઈ હોય છે કે તેને ધન મળે તો તે સુખી થાય; આવા માણસની એ શ્રદ્ધા જ આખરે તેના જીવન અને આચરણ પર અસર કરે છે. એથી ઊલટું, જો તેને નીતિના

નિયમની શ્રેષ્ઠતા પર અડગ શ્રદ્ધા હોય અને આદર્શોને અર્પણ કરેલું જીવન જ જીવવાયોગ્ય છે એવું એ માનતો હોય તો તેનો કાર્યપ્રવાહ સાવ નિરાળો જ બને છે; જે આદર્શોમાં તેને શ્રદ્ધા છે તેની જીવંત મૂર્તિ જ તે બની રહે છે. 'यो यच्छ्रद्धः स एव सः। જેવી જેની શ્રદ્ધા તેવો તે થાય છે.' એ સૂત્રનું ટૂંકમાં આ જ મહત્વ છે. (શ્લોક ૧૭).

આવી શ્રદ્ધા રાખવી એ માણસની ભારે સિદ્ધિ છે. બીજા કોઈ ઉપાયોથી ચંચળ મન અને ખંડખોર ઈંદ્રિયો કાબુમાં આવતી નથી પણ આદર્શોનું સાચું પાલન કરવાની આવી પ્રબળ શ્રદ્ધા વડે તે સહેલાઈથી કાબુમાં આવી જાય છે. બીજી રીતે કહીએ તો સાધકના આધ્યાત્મિક અભ્યાસને આવી જીવંત શ્રદ્ધા વેગ આપે છે, એ વાતનો પુરાવો એ છે કે એવા સાધકે મન તથા ઈંદ્રિયો પર વિજય મેળવેલો હોય છે. પ્રબળ શ્રદ્ધા અને સાચા પ્રયાસ વડે મન અને ઈંદ્રિયોને વશ કરવામાં આવે છે. ત્યારે જ સાચા સાધકને એવું જ્ઞાન થાય છે કે, સત્ય સુખ પોતાની અંદર જ છે અને તે આત્માનો સહજ સ્વભાવ જ છે. જ્યારે તે આત્માનું આવું પરમ સુખ મેળવે છે ત્યારે તે પરમ શાંતિ યે પામે છે. (શ્લોક ૧૮).

સાધક માટે જે બે ગુણો અનિવાર્ય છે તે પરમ નિષ્ઠા અને સહજ પ્રપત્તિ (ભક્તિ) છે. પરમનિષ્ઠા વિના આત્માનુસંધાનને માર્ગે ચડી શકાતું નથી એ સાવ ઉઘાડું છે અને સહજ પ્રપત્તિ વિના, ગમે તેવા ભારે પ્રયાસો કરવા છતાં તેમ જ બુદ્ધિબળ અજમાવવા છતાં, એવા પુરુષને પ્રજ્ઞાન કદાપિ પ્રાપ્ત થતું નથી, પ્રપત્તિ પોચા હૃદયવાળાનું નહિ પણ શ્રદ્ધા અને નિષ્ઠારૂપી અભેદ્ય કવચ ધારણ કરનાર પુરુષનું હથિયાર છે. જે પ્રપત્તિનું સાચું સ્વરૂપ જાણે છે અને તેના વગર કોઈ સદ્‌ગુણ લભ્ય નથી તથા પ્રપત્તિની ખીણમાં થઈને જ જ્ઞાનને માર્ગે જવાય છે એવું સમજે છે, તે આ સદ્‌ગુણોના સદ્‌ગુણનું આનંદમય સ્વરૂપ પણ ઓળખે છે. તેની શ્રદ્ધાની વિરુદ્ધ પંડિતો ગમે તે કહે છતાં યે તે કદી ઉશ્કેરાતો નથી. આવા પુરુષે, શંખનાદ થવા પહેલાં જ કુરુક્ષેત્રનું અર્ધું યુદ્ધ જીતી લીધું છે; કારણ કે પ્રપત્તિ એવો સદ્‌ગુણ છે કે જે પ્રભુની કરુણાપૂર્ણ કૃપા સાધકની અંદર ઉતારી શકે છે. પ્રભુકૃપા વિના અહંકારનું ગળી જવું અશકય છે અને અહંકાર ગળ્યા વગર આત્મસિદ્ધિ થતી નથી. અજ્ઞાનમાંથી જન્મેલો અહંકાર દષ્ટિને ઢાંકી દે છે અને માણસને અંધકાર અને વિનાશ તરફ ખેંચી

જાય છે; પરંતુ વિવેકમાંથી જન્મેલી પ્રપત્તિ બુદ્ધિયોગ પ્રાપ્ત કરાવી, માણુસને જ્ઞાન અને મુક્તિ અપાવે છે. જ્ઞાન એટલે આત્મરૂપી પરમાત્મા અને આત્મસિદ્ધિ એટલે જ મુક્તિ. (શ્લોક ૧૯ થી ૨૧).

વિવેકબુદ્ધિ દ્વારા આપણે આત્માના સાચા સ્વરૂપનું જ્ઞાન મેળવવું જોઈએ. જ્ઞાન મેળવવાના સાધન તરીકે આપણી પાસે ઈંદ્રિયો, મન અને બુદ્ધિ છે; પણ આપણે પોતે એ બધાંથી પર છીએ. ખરેખર ઈંદ્રિયો ભારે બળવાન છે. નાનકડી આંખ હજારો ગાઉ દૂર આવેલા ગ્રહને જોઈ શકે છે. ઈંદ્રિયોની મદદ વડે મન આપણુને કળાનું જ્ઞાન આપે છે અને આપણે માટે કળાની સૃષ્ટિ રચે છે. આપણી બુદ્ધિ આપણી સામે કુદરતના ભેદો ખુલ્લા કરે છે અને આપણે માટે વિજ્ઞાનની સૃષ્ટિ રચે છે. છતાં યે આપણે પોતે તો કળા અને વિજ્ઞાન આપી શકે તે પ્રત્યેક વસ્તુથી યે પર છીએ. જ્ઞાન મેળવવાનાં આપણાં સાધનોએ આપણું જીવન ઉચ્ચ બનાવ્યું છે; પણ આપણે પોતે કોણ છીએ ? જો ઈંદ્રિયો, મન અને બુદ્ધિ મોટાં હોય તો આપણે તેનાથી ઘણા યે મહાન હોવા જોઈએ; કારણ કે એ બધાં આપણાં નોકર છે અને આપણા થકી હસ્તી ધરાવી શકે છે. વસ્તુતઃ આપણે આત્મા છીએ.

આમ જાણવું એનો અર્થ ગર્વિષ્ઠ અને અહંકારી થવાનો નથી પણ મન અને બુદ્ધિથી પર એવા સત્સ્વરૂપને પ્રપત્તિદ્વારા શોધી કાઢવાનો છે. આપણા સાચા આત્મસ્વરૂપને ઓળખવાને બદલે, આપણી નોકરી કરનારાં આ સાધનો જે આપે તેમાં સંતોષ માનવો એ આપણું અજ્ઞાન અને ભ્રમ નથી શું ? જીવનમાંની બીજી બધી વસ્તુઓની જેમ મન અને બુદ્ધિ માણુસની મિલકત જ છે અને તે જીવનના જેટલી જ નાશવંત છે. મન અને બુદ્ધિ માણુસ માટે હસ્તી ધરાવે છે અને તેના વગર તેઓ કામ કરી શકતાં નથી. મનુષ્યજીવનને આત્મપ્રાપ્તિનું સાધન બનાવવામાં ન આવે તો તેની અંતિમ અને કાયમી કિંમત કંઈ જ નથી. આથી જ ભલા ગોવાળે–ઈશુખ્રિસ્તે–પ્રશ્ન પૂછ્યો હતો કે, “આત્મા ગુમાવીને આખું જગત મેળવવામાં શો ફાયદો ?” (શ્લોક ૨૨).

આમ આપણો એક માત્ર પ્રયાસ, આપણું સાચું હિત કરનાર અર્થાત્ ઇંદ્રિયો, મન અને બુદ્ધિથી પર એવું આત્મજ્ઞાન મેળવવાનો હોવો જોઈએ. આત્માને ઓળખવા ઇચ્છનારે કામનાનો ત્યાગ કરવો જોઈએ; કારણ કે કામનાનો સંબંધ અનાત્મા જોડે છે અને તેની પાછળ દોડવામાં

માણસ ભૂલો પડી આત્માથી ગાઉઓ દૂર ચાલ્યો જાય છે. કામના માણસનો કટ્ટો દુશ્મન છે. તે લલચાવનારાં સ્વરૂપો ધારણ કરે છે અને મન એ લાલચો સામે ટકી શકતું નથી. માણસને સુખી કરવાનો ડોળ કરી, તેની ઇંદ્રિયો અને મનને સંતોષનારા પદાર્થોનો તેને ગુલામ બનાવી દે છે. મને ઊભી કરેલી માયાની જાળમાં ફસાયેલો માણસ આત્માને કદી ઓળખી શકતો નથી. સાવધ સાધકને પણ કામના વિનાશને પંથે ખેંચી જાય છે. માટે જ મનને સંપૂર્ણપણે આત્મામાં તલ્લીન કર્યા વિના એ દુશ્મનને જીતવો એ કઠણ તો શું પણ ખરું જોતાં અશક્ય જ છે. ( શ્લોક ૨૩ ). આવી તલ્લીનતા, અગાઉ જણાવ્યા મુજબ, શાસ્ત્રવિધિના પાલનથી અને પરમાત્માની ભક્તિ તથા ઉત્કટ શ્રદ્ધા વડે જ પ્રાપ્ત થાય છે.

આવી શ્રદ્ધા ને ભક્તિ મેળવવા માટે અને શાંતિ તથા આત્મનિષ્ઠાના આંતરિક માર્ગે પ્રયાણ કરવા માટે, આપણે પહેલાં તો સદા આત્મામાં રમતા કોઈ જ્ઞાનીનો આશ્રય લેવો જોઈએ. એવા જ્ઞાનીની હાજરી આનંદપૂર્ણ શાંતિ પ્રસરાવે છે અને તેનું દરેક કાર્ય તેણે પ્રાપ્ત કરેલા સમ્યગ્ જ્ઞાનનો પરિચય કરાવે છે. તેની કૃપાપૂર્ણ હાજરીમાં આપણને આંત-

રિક શાંતિનો ઊંડો અનુભવ થાય છે એટલું જ નહિ પણ વિવેકબુદ્ધિ પ્રાપ્ત થાય છે કે જે વડે આપણે પ્રવૃત્તિમય હોવા છતાં, જીવનપ્રવૃત્તિથી યે પર એવા આપણા સત્સ્વરૂપનો આપણે સાક્ષાત્કાર કરી શકીએ છીએ. પોતાના ઉપદેશ અનુસાર કરવામાં આવતી ( જીવનની સાથે સાથે ઊભી થતી ) પ્રવૃત્તિનું તેમ જ જ્ઞાનીની આત્મનિષ્ઠાની પરમ દશાનું એક સાથે અવલોકન કરવાથી, આપણે નિષ્કામ કર્મનો સિદ્ધાંત સમજી શકીશું અને જીવનમાં તેનું વ્યવહારિક આચરણ કેમ કરવું તે જાણી શકીશું. જીવનને નિષ્કામ કર્મનો નિયમ લાગુ પાડવો એટલે કોઈ હિતકારી પ્રવૃત્તિમાં રોકાયેલા રહેવા છતાં યે તે બાબતમાં કોઈપણ જાતની આસક્તિ ન રાખવી. ખરું જોતાં, જ્ઞાની આદર્શ કર્મયોગી પણ હોય છે. તેનાં કર્મો કામનારહિત હોય છે અને તે જ્ઞાનાગ્નિમાં ભસ્મ થઈ ગયેલાં હોય છે. ( શ્લોક ૨૪ થી ૨૬ ).

જીવનના આ પરમ ધ્યેયને આપણે ઈશ્વરના અવતારસમા ગુરુની કૃપાથી પામી શકીએ છીએ. ગુરુની નિષ્કામ સેવા કરીને, જે સદ્દવસ્તુની તે મૂર્તિ-સમા છે, તેની સેવા કરીને અને અડગ શ્રદ્ધા તથા ભક્તિ વડે સતત નિષ્ઠાપૂર્ણ સાધના કરીને ગુરુકૃપા

મેળવી શકાય છે. પૂર્ણતાએ પહોંચીએ નહિ ત્યાં સુધી આપણે સાધના વગર આગળ વધી શકીએ જ નહિ. મનને તેના મૂળ સ્થાન–આત્મા તરફ વાળીને પૂર્ણ મનોનિગ્રહ મેળવવાનો પ્રયાસ ચાલુ રાખી, તેમાં આપણે સિદ્ધિ મેળવવી જોઇએ. મનના સંયમ વગર ધ્યાન થઈ શકતું નથી. જયારે જયારે વિચાર ઊભો થાય ત્યારે ત્યારે દરેક પ્રકારના વિચારનો ત્યાગ કરી, આપણે કેવળ આપણા મૂળ સ્વરૂપમાં જ રહેવું જોઈએ. આત્મા સદા વિદ્યમાન છે, જેનું આપણે વિચારના મૂળ અર્થાત્ કેવળ શુદ્ધ સત્–ચિત્ રૂપે દર્શન કરવાનું છે; એ મૂળ સ્થાન અર્થાત્ હૃદયને પામવા માટે દરેક જાતના વિચારનો ઉચ્છેદ કરવો જોઈએ. માટે જ ગીતાનું કથન છે કે न किंचिदपि चिन्तयेत् । વિચારનો પૂર્ણ ત્યાગ એટલે મનોનાશ; કારણ કે મન વિચારોના સમૂહ સિવાય અન્ય કશું જ નથી. एकमेवाद्वितीय બ્રહ્મનો સાક્ષાત્કાર, સ્વયં માયાજાળરૂપી મનના નાશ વિના અશકય જ છે. (શ્લોક ૨૭).

જયાંસુધી મન આત્મામાં તન્મય થઈ જાય નહિ ત્યાંસુધી તેને આત્મામાં સ્થિર કરતા, આત્માના અંકુશ હેઠળ જ રાખ્યા કરવું જોઇએ. મન ઇન્દ્રિયો વડે સહેલાઈથી દોરવાતું હોવાને કારણે, તે સ્વભાવે જ

નબળું અને ચંચળ છે. ઇન્દ્રિયોને વશ કરવા પ્રથમ તો મનને વશ કરવું જોઇએ અને જે મુમુક્ષુ છે તેણે બુદ્ધિનો પણ નિગ્રહ કરવો જોઈએ. આમ કરીને તે મોક્ષપ્રાપ્તિની લગનીમાં પૂરેપૂરો તરબોળ થઈ જાય છે. સાધક જેટલા પ્રમાણમાં ઇન્દ્રિયો, મન અને બુદ્ધિનો સંયમ સાધે છે તેટલા જ પ્રમાણમાં તે મુક્તિનો અવર્ણનીય આનંદ પામે છે. આ મોક્ષાનંદ પોતાની અંદર જ અંતર્ગત છે અને જ્યારે તે કામના, ભય અને ક્રોધરહિત થાય છે ત્યારે જ તેને તેની પ્રાપ્તિ થાય છે. જ્યારે તે આત્મનિષ્ઠાની પૂર્ણતાએ પહોંચે છે ત્યારે તેને માલૂમ પડે છે કે, જે મુક્તિ તે શોધી રહ્યો હતો તે બીજું કંઇ નહિ પણ આત્મસ્વરૂપ જ છે અને બંધન મનની હસ્તીને લીધે જ જણાય છે. એક વખત મનોનાશ થઈ જાય તે પછી તેનામાં સમદૃષ્ટિ આવી જાય છે, તે સર્વદા આત્મામાં અને આત્મરૂપે રહે છે, સર્વ ભૂતોમાં આત્માને જુએ છે અને સર્વ પ્રાણીઓને આત્મામાં નિહાળે છે. (શ્લોક ૨૮ થી ૩૦).

આત્મનિષ્ઠાની જે દશામાં 'અન્યપણું' હોતું જ નથી તેમાં જ્ઞાન ને ભક્તિ એક થઈ જાય છે. આત્મા વસ્તુતઃ પરમાત્મા જ છે એટલે આત્મનિષ્ઠા એ પ્રભુભક્તિ જ છે. આ રીતે પોતાનું જીવન પરમાત્મા-

ને સમર્પણ કરનાર પુરુષ ઈશ્વરની સતત અને નિશ્ચિત છત્રછાયા પામે છે. કારણ કે ઈશ્વરને જ્ઞાની પર એટલો જ પ્રેમ હોય છે, જેટલો જ્ઞાનીને ઈશ્વર પર હોય છે. આવા જ્ઞાનીનો પુનર્જન્મ થતો નથી. (શ્લોકો ૩૧ થી ૩૩). તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે, કારણ કે મનમાં ઊઠતી બધી કામનાઓનો તેણે ત્યાગ કરેલો હોય છે. તે 'હું' અને 'મારું' ના ભાવથી રહિત હોય છે અને આત્મા વડે જ આત્મામાં તૃપ્ત રહી, સર્વ પ્રત્યે સંતુષ્ઠ રહે છે, તે આખી સૃષ્ટિને ચાહે છે અને મિત્ર તેમ જ શત્રુ બન્ને પ્રત્યે સમાન પ્રેમ રાખે છે; કારણ કે જે પ્રભુનાં તે સર્વત્ર દર્શન કરે છે તેની પ્રત્યે તેને ભક્તિ છે. તેને આત્માના ઐકય અને સર્વવ્યાપીપણાની પ્રતીતિ થયેલ હોવાથી, તે કેવળ આત્માને જ પ્રત્યેક સ્થળે જુએ છે. સદા આત્મામાં જ રમણ કરે છે, આત્માથી જ તૃપ્ત રહે છે અને આત્મામાં જ સંતોષ માને છે; તેની દશા શુદ્ધાત્માની દશા જ છે અને તેનાં બધાં કર્મો, તેની સહજ કૃપાનું બાહ્ય દર્શન જ છે. તેની આવી કૃપા અપાર અને સર્વગત હોય છે. (શ્લોક ૩૪ થી ૪૦)

છેવટે આટલું જાણી લેવું ઘટે કે, આનંદની એ પરમ દશા હૃદયમાં આત્મરૂપે વસતા ભગ-

વાનનું સર્વ ભાવે શરણુ લેવાથી જ પામી શકાય છે અને તેની કૃપા વડે જ પરમ શાંતિપૂર્ણ અમર-પદને પમાય છે. (શ્લોક ૪૧, ૪૨).

ગીતાનો અમર સંદેશ આવો છે, જે ભગ-વાન શ્રીરમણુ મહર્ષિએ આપણા પર કૃપા કરી, આપણુને સારરૂપે આપ્યો છે. એમની કૃપા આપણુને આ સંદેશ ઝીલવાની અને આત્મશાંતિ તથા આત્માનંદ અનુભવવાની શક્તિ આપો એ જ પ્રાર્થના.

# યોગવાસિષ્ઠ સંકલન

पूर्णां दृष्टिमवष्टभ्य ध्येयत्यागविलासिनीम्।
जीवन्मुक्ततया स्वस्थो लोके विहर राघव ॥ १ ॥

કામનાઓના ત્યાગથી વિલસતી પૂર્ણ દૃષ્ટિમાં સ્થિર થઇને તથા જીવન્મુક્તની દશામાં સ્વસ્થ થઇને હે રાઘવ! જગતમાં વિહાર કર.

अन्तः संत्यक्तसर्वाशो वीतरागो विवासनः।
बहिः सर्वसमाचारो लोके विहर राघव ॥ २ ॥

અંતરમાંથી સર્વ આશાઓનો ત્યાગ કરીને, રાગ તથા વાસના રહિત થવા છતાં, બહારથી

સર્વ કાર્યોમાં પરોવાઈને હે રાઘવ! જગતમાં વિહાર કર.

उदारपेशलाचारः सर्वाचारानुवृत्तिमान् ।
अन्तः सर्वपरित्यागी लोके विहर राघव ॥ ३ ॥

ઉદારતાભર્યો કોમળ આચાર રાખીને અને સર્વ આચારને અનુસરતો છતાં અંતરમાં બધાનો પરિત્યાગ કરી, હે રાઘવ! જગતમાં વિહાર કર.

प्रविचार्य दशा सर्व यदतुच्छं परं पदम् ।
तदेव भावेनालम्ब्य लोके विहर राघव ॥ ४ ॥

સર્વ દશાઓને તુચ્છ ગણી, એ ભાવનું અવલંબન કરીને પરમ પદમાં સ્થિર થઈને હે રાઘવ! જગતમાં વિહાર કર.

अन्तर्नैराश्यमादाय बहिराशोन्मुखेहितः ।
बहिस्तप्तोऽन्तराशीतो लोके विहर राघव ॥ ५ ॥

અંતરમાં આશાનો ત્યાગ કરવા છતાં બહારથી આશાપૂર્વક કાર્યમાં પ્રવૃત્ત થઈને તથા બહારથી તપ્ત છતાં અંદરથી શીતળ રહીને હે રાઘવ! જગતમાં વિહાર કર.

बहिः कृत्रिमसंरम्भो हृदि संरम्भ वर्जितः ।
कर्ता बहिरकर्तान्तः लोके विहर राघव ॥ ६ ॥

બહારથી કાર્યમાં કૃત્રિમ ઉત્સાહ રાખવા છતાં હૃદયમાં એવા ઉત્સાહનો ત્યાગ કરીને તથા બહારથી કર્તા હોવા છતાં અંદરથી અકર્તા રહીને હે રાઘવ! જગતમાં વિહાર કર.

ज्ञातवानासि सर्वेषां भावानां सम्यगन्तरम् ।
यथेच्छसि तथा दृष्टया लोके विहर राघव ॥७॥

સર્વ ભાવો સમ્યગ્ અંતરસ્વરૂપને તું જાણતો હોઈ તે મુજબની ઈચ્છા અને દૃષ્ટિ રાખીને હે રાઘવ! જગતમાં વિહાર કર.

कृत्रिमोल्लासहर्षस्थः कृत्रिमोद्वेगगर्हणः ।
कृत्रिमारम्भसंरभो लोके विहर राघव ॥८॥

બનાવટી ઉલ્લાસ અને હર્ષ રાખીને, બનાવટી ઉદ્વેગ અને અણગમો રાખીને તથા કૃત્રિમ કાર્યારંભ અને પ્રવૃત્તિ રાખીને હે રાઘવ! જગતમાં વિહાર કર.

त्यक्ताहंकृतिरासुप्तमतिराकाशशोभनः ।
अगृहीत कलङ्काङ्को लोके विहर राघव ॥९॥

અહંકારનો ત્યાગ કરીને, મતિને સુપ્ત કરીને, (અનાસક્ત) તથા આકાશ જેવો શુદ્ધ રહી અને કલંક લાગવા ન દઈ, હે રાઘવ! જગતમાં વિહાર કર.

आशापाशशतोन्मुक्तः समः सर्वासु वृत्तिषु ।
बहिः प्रकृतिकार्यस्थो लोके विहर राघव ॥ १० ॥

સેંકડો આશાપાશોથી મુક્ત રહીને, સર્વ વૃત્તિઓમાં સમતા રાખીને અને બહારથી પ્રકૃતિ મુજબનાં કર્મોમાં રોકાયલો રહીને હે રાઘવ! જગતમાં વિહાર કર.

# વિવેકચૂડામણિ સંકલન

मोक्षकारणसामग्र्यां भक्तिरेव गरीयसी ।
स्वस्वरूपानुसन्धानं भक्तिरित्यभिधीयते ॥ १ ॥

મોક્ષનાં સાધનોની સામગ્રીમાં ભક્તિ જ બહુ મોટી છે. સ્વસ્વરૂપનું અનુસંધાન કરવું એ જ 'ભક્તિ' કહેવાય છે.

नित्याद्वयाखण्डचिदेकरूपो
बुद्ध्यादिसाक्षी सदसद्विलक्षणः ।
अहंपदप्रत्यय लक्षितार्थः
प्रत्यक्सदानन्दघनः परात्मा ॥ २ ॥

જે 'અહં' શબ્દની પ્રતીતિથી લક્ષિત થાય છે;

તે નિત્ય, આનંદઘન પરમાત્મા સદા યે અદ્વિતીય, અખંડ, કેવળ ચૈતન્યસ્વરૂપ, બુદ્ધિ આદિનો સાક્ષી, સત્–અસત્‌થી ભિન્ન અને પ્રત્યક્ (અંતરતમ) છે.

प्रकृतिविकृतिभिन्नः शुद्ध बोधस्वभावः
सदसदिदमशेषं भासयन्निर्विशेषः ।
विलसति परमात्मा जाग्रदादिष्ववस्था
स्वहमहमितिसाक्षात्साक्षिरूपेण बुद्धेः ॥ ३ ॥

પ્રકૃતિ અને તેના વિકારોથી ( કારણથી તથા કાર્યથી ) ભિન્ન, શુદ્ધ જ્ઞાનસ્વરૂપ અને નિર્વિશેષ પરમાત્મા, જાગ્રત આદિ અવસ્થાઓમાં બુદ્ધિના સાક્ષાત્ સાક્ષીરૂપી 'અહું–અહું' રૂપે વિલસે છે અને સત્–અસત્ સર્વને પ્રકાશિત કરે છે.

जाग्रत्स्वप्नसुषुप्तिषु स्फुटतरं योऽसौ समुज्जृम्भते
प्रत्यग्रूपतया सदाहमहमित्यन्तः स्फुरन्नैकधा ।
नानाकारविकारभागिन इमान् पश्यन्नहं धीमुखान्
नित्यानन्दचिदात्मना स्फुरति तं विद्धि स्वमेतं हृदि ॥४॥

જે પ્રત્યગ્‌રૂપે અન્તરમાં સદા 'અહું અહું' એમ અનેક પ્રકારે સ્ફૂરતો અને વિવિધ આકાર પામતાં આ અહંકાર, બુદ્ધિ આદિ તત્ત્વોને જોતો,

જાગ્રતસ્વપ્નસુષુપ્તિ અવસ્થાઓમાં અત્યન્ત સ્પષ્ટ રીતે પ્રતિત થાય છે, તે જ શાશ્વત આનંદમય ચિદ્રૂપે સ્ફૂરે છે; તેને હૃદયમાં આત્મરૂપે ઓળખ.

नियमित मनसाऽमुं त्वं स्वमात्मानमात्म-
न्ययमहमिति साक्षाद्विद्धि बुद्धिप्रसादात् ।
जनिमरणतरंगापारसंसारसिन्धुं
प्रत र भव कृतार्थो ब्रह्मरूपेण संस्थः ॥५॥

મનના સંયમ દ્વારા અને બુદ્ધિપ્રસાદ (જ્ઞાન) દ્વારા તું આ આત્માને 'આ હું છું' એ પ્રમાણે પોતાની અંદર (હૃદયમાં) સાક્ષાત્ અનુભવ કર. આ પ્રમાણે જન્મમરણરૂપી તરંગોવાળો આ અપાર સંસારસાગર તરી જા તથા બ્રહ્મરૂપે સ્થિર થઈ કૃતાર્થ થા.

एष स्वयंज्योतिरशेषसाक्षी,
विज्ञानकोशे विलसत्यजस्रं ।
लक्ष्यं विधायैनमसद्विलक्षण-
मखण्डवृत्त्याऽऽत्मतयाऽनुभावय ॥ ६ ॥

આ (આત્મા) સ્વયં જ્યોતિ અને સર્વના સાક્ષી તરીકે વિજ્ઞાનમય કોશમાં નિરંતર વિલસે છે.

અસત્‌થી પર એવા એને લક્ષ્યરૂપ ગણી, અખંડ
વૃત્તિ વડે તેને આત્મારૂપે અનુભવ.

अतीव सूक्ष्मं परमात्मतत्त्वं
न स्थूलदृष्टया प्रतिपत्तुमर्हति ।
समाधिनाऽत्यन्तसुसूक्ष्मवृत्त्या
ज्ञातव्यमार्यैरतिशुद्धबुद्धिभिः ॥ ७ ॥

પરમાત્મ તત્ત્વ અત્યંત સૂક્ષ્મ છે, તે સ્થૂળ દૃષ્ટિ વડે પ્રાપ્ત કરી શકાતું નથી. અતિ શુદ્ધ બુદ્ધિવાળા સજ્જનો તેને સમાધિમાં અત્યન્ત સૂક્ષ્મ વૃત્તિ વડે જાણી શકે છે.

निरन्तराभ्यासवशात्तदित्थं,
पक्वं मनो ब्रह्मणि लीयते यदा ।
तदा समाधिः सविकल्पवर्जितः
स्वतोऽद्वयानन्दरसानुभावकः ॥ ८ ॥

જ્યારે નિરન્તર અભ્યાસને કારણે આ પ્રમાણે પરિપક્વ થયેલું મન બ્રહ્મમાં લીન થાય છે ત્યારે સવિકલ્પ ભાવથી વર્જિત તથા અદ્વિતીય આનંદ-રસનો અનુભવ કરાવનારી સમાધિ આપ મેળે થાય છે.

समाधिनाऽनेन समस्त वासना
ग्रन्थेर्विनाशोऽखिलकर्मनाशः ।
अन्तर्बहिः सर्वत एव सर्वदा
स्वरूपविस्फूर्तिरयत्नतः स्यात् ॥ ९ ॥

આવી સમાધિ વડે સમસ્ત વાસનાગ્રંથિઓનો વિનાશ અને સકલ કર્મોનો નાશ થાય છે. પછી અંદરબહાર, સર્વત્ર અને સર્વદા સ્વરૂપની–આત્માની સ્ફૂર્તિ વિના યત્ને થયાં કરે છે.

बुद्धौ गुहायां सदसद्विलक्षणं
ब्रह्मास्ति सत्यं परमद्वितीयम् ।
तदात्मना योऽत्र वसेद्गुहायां
पुनर्न तस्ययांगगुहाप्रवेशः ॥ १० ॥

સત્–અસત્‌થી (કાર્ય–કારણથી) પર, અદ્વિતીય, સત્ય, પરબ્રહ્મ બુદ્ધિરૂપી ગુફામાં રહેલું છે. એ ગુફામાં જે તે રૂપે વસે છે, તેનો ફરીથી અંગગુફામાં પ્રવેશ થતો નથી એટલે પુનર્જન્મ થતો નથી.

# શિવાનંદલહરી સંકલન

अङ्कोलं निजबीजसन्ततिरयस्कान्तोपलं सूंचिका
साध्वी नैजविभुं लता क्षितिरुहं सिन्धुः सरिद्वल्लभम्।
प्राप्नोतीह यथा तथा पशुपतेः पादारविन्दद्वयं
चेतोवृत्तिरुपेत्य तिष्ठति सदा सा भक्तिरित्युच्यते॥ १ ॥

જેવી રીતે અંકોલનાં બી પોતાના વૃક્ષ તરફ, સોય લોહચૂંબક ભણી, પતિવ્રતા નારી પોતાના પતિ તરફ, વેલ વૃક્ષ તરફ અને નદી સમુદ્ર ભણી ખેંચાય છે તેવી જ રીતે (જ્યારે) ચિત્તવૃત્તિ ભગવાન શંકરનાં પાદપદ્મો તરફ વળે અને તેમાં જ સદા–સર્વદા સ્થિર રહે, (ત્યારે) એ સ્થિતિ ભક્તિ કહેવાય છે.

भक्तिर्महेशपदपुष्करमावसन्ती
कादम्बिनीव कुरुते परितोषवर्षम्।
संपूरितो भवति यस्य मनस्तटाक
स्तज्जन्मसस्यमखिलं सफलं च नान्यत्॥ २ ॥

જે ભક્તિ ભગવાનનાં ચરણકમળરૂપી આકાશમાં નિવાસ કરે છે તે વાદળીની માફક સંતોષરૂપ વર-

સાદ વર્ષાવે છે. આવી સંતોષરૂપ વર્ષાથી જેનું મન-રૂપી તળાવ છલોછલ ભરાય છે, તેનો જ જન્મરૂપી પાક સફળ થાય છે; બીજાનો નહિ.

जननमृतियुतानां सेवया देवतानां
न भवति सुखलेशः संशयो नास्ति तत्र ।
अजनिममृतरूपं साम्बमीशं भजन्ते
य इह परम सौख्यं ते हि धन्या लभन्ते ॥३॥

જન્મમરણને આધીન એવા દેવોની ભક્તિ કર-વાથી લેશમાત્ર સુખ મળતું નથી; એમાં સંશય જ નથી. અજન્મા અને અમૃતરૂપ—જગન્માતાથી અભિન્ન—ભગવાનને જેઓ ભજે છે તે ધન્ય પુરુષો આ જન્મમાં જ પરમ સુખ પામે છે.

घटो वा मृत्पिण्डोऽप्यणुरपि च धूमोऽग्निरचलः
पटो वा तन्तुर्वा परिहरति किं घोर शमनम् ।
वृथा कण्ठक्षोभं वहसि तरसा तर्क वचसा
पदाम्भोजं शंभोर्भज परमसौख्यं व्रज सुधीः ॥४॥

ઘડો, માટીનો પીંડો, અણુ, ધૂમાડો, અગ્નિ, ગિરિ, કપડું કે તંતુ (તર્કશાસ્ત્રની ચર્ચામાં વપ-રાતા શબ્દો): આમાંના કોઈ પણ, ઘોર મૃત્યુને

અટકાવી શકે છે ખરાં ? અરે ભાઈ! તર્કની ઝડપી ચર્ચા વડે તું તારું ગળું વૃથા સૂકવે છે! માટે એ બધું છોડી દઈ, શ્રીશંભુના ચરણકમળનું ધ્યાન ધર અને પરમ સુખની પ્રાપ્તિ કર.

वक्षस्ताडनशंकया विचलितो वैवस्वतो निर्जराः
कोटीरोज्ज्वलरत्नदीपकलिकानीराजनं कुर्वते ।
दृष्ट्वा मुक्तिवधूस्तनोति निभृताश्लेषं भवानीपते
यच्चेतस्तव पादपद्मभजनं तस्येह किं दुर्लभम् ॥५॥

હે ભવાનીપતિ શંકર! તારાં પાદપદ્મોનાં ભજનમાં જેનું મન પરોવાયેલું છે તેની પાસેથી છાતી પર લાત પડવાની બીકથી યમ પણ નાસી જાય છે. દેવો પોતાના મુગટોમાં જડેલાં ઝળહળતાં રત્નોરૂપી દીપકલિકા વડે એવા ભક્તની આરતિ ઉતારે છે. જોતાં વેંત મુક્તિવધૂ એને પોતાના પડખામાં લે છે. ટૂંકમાં આવા મનુષ્યને માટે આ જન્મમાં કશું જ દુર્લભ નથી.

नरत्वं देवत्वं नगवनमृगत्वं मशकता
पशुत्वं कीटत्वं भवतु विहगत्वादि जननम् ।
सदा त्वत्पादाब्ज स्मरणपरमानन्दलहरी
विहारासक्तं चेद्धृदयमिह किं तेन वपुषा ॥६॥

મનુષ્યનો, દેવનો, પર્વતવાસી કે વનચર પ્રાણી-નો, મચ્છરનો, પશુનો, કીડાનો કે પક્ષીનો અથવા એવો બીજો ગમે તે જન્મ મળે પરંતુ જો હૃદય તારા પાદામ્બુજનું સ્મરણ કરતું પરમાનંદલહરી-માં સદા આસક્ત રહે તો પછી શરીર ગમે તે હોય તેની શી ચિંતા ?

गुहायां गेहे वा बहिरपि वने वाद्रिशिखरे
जले वा वह्नौ वा वसतु वसतेः किं वद फलम् ।
सदा यस्यैवान्तःकरणमपि शंभो तव पदे
स्थितं चेद्योगोऽसौ स च परमयोगी स च सुखी ॥७

(મનુષ્ય) ગુફામાં, ઘરમાં કે બહાર, વનમાં, પહાડનાં શિખર પર, પાણીમાં કે અગ્નિમાં ભલે વસે. નિવાસનું શું ફળ મળવાનું છે ? હે શંભુ ! જેનું અંતઃકરણ સદા-સર્વદા તારાં ચરણો પર ચોંટેલું છે તે જ-એ સ્થિતિ યોગ હોઈ-પરમ યોગી છે અને તે જ સુખી છે.

गभीरे कासारे विशति विजने घोर विपिने
विशाले शैले च भ्रमति कुसुमार्थं जडमतिः ।
समर्प्यैकं चेतस्सरसिजमुमानाथ भवते
सुखेनावस्थातुं जन इह न जानाति किमहो ॥८॥

પુષ્પો મેળવવા માટે જડ બુદ્ધિવાળો માણુસ ઊંડા તળાવમાં પડે છે, નિર્જન અને ઘોર વનમાં ભટકે છે તથા વિશાળ પહાડોમાં આથડે છે. અહો ઉમાનાથ! લોકો પોતાનું એક જ હૃદયકમળ મને સમર્પણુ કરીને આ જન્મ સુખી થવાનો માર્ગ જાણુતા નથી શું?

बटुर्वा गेही वा यतिरपि जटी वा तदितरो
नरो वा यः कश्चिद्भवतु भव किं तेन भवति।
यदीयं हृत्पद्मं यदि भवदधीनं पशुपते
तदीयस्त्वं शंभो भवसि भवभारं च वहसि॥९॥

કોઈ પુરુષ બ્રહ્મચારી હોય, ગૃહસ્થ હોય, યતિ હોય, જટાધારી હોય અથવા તેથી ભિન્ન હોય, ગમે તે હોય તેથી શું થવાનું છે? હે પશુપતિ! હે શંભુ! જેણે પોતાનું હૃદયપદ્મ તારે આધીન કર્યું છે તેનો જ તું થઈ જાય છે અને તેનો ભવભાર પણુ તું જ વહે છે.

आद्याऽविद्या हृद्गता निर्गतासीत्
विद्या हृद्या हृद्गता त्वत्प्रसादात्।
सेवे नित्यं श्रीकरं त्वत्पदाब्जं
भावे मुक्तेर्भाजनं राजमौले॥१०॥

હૃદયમાં ઘર કરી બેઠેલી અવિદ્યા તારા પ્રસાદ વડે નાસી ગઈ છે અને ત્યાં હવે મનોહર વિદ્યા સ્ફૂરી છે. માટે હે રાજમૌલિ! શંભો! શ્રી અને મુક્તિ બન્નેની પ્રાપ્તિ કરાવનાર તારાં ચરણકમળનું હું નિત્ય ભાવપૂર્વક સેવન કરું છું.

॥ ॐ श्री रमणार्पणमस्तु ॥

बटुर्वा गेही वा यतिरपि जटी वा तदितरो
नरो वा यः कश्चिद्भवतु भव किं तेन भवति ।
यदीयं हृत्पद्मं यदि भवदधीनं पशुपते
तदीयस्त्वं शंभो भवसि भवभारं च वहसि ॥

મનુષ્ય બ્રહ્મચારી હોય, ગૃહસ્થ હોય, સંન્યાસી હોય, જટાધારી હોય અથવા ગમે તે હોય તેથી શું? હે જગદીશ્વર શંભો! પોતાનું હૃદયરૂપી પદ્મ તારે ચરણે ધરનારને તું આધીન થઈ જાય છે અને તેનો ભવભાર તું જ વહે છે.

[ शिवानंदलहरी श्लोक ११ ]

'સસ્તું સાહિત્ય' એટલે 'ઊંચામાં ઊંચું સાહિત્ય'

# ઉત્તમ ગ્રંથો

## ઉત્તમ ધાર્મિક ગ્રંથો

| | |
|---|---|
| **સંપૂર્ણ મહાભારત**—દળદાર સાત ગ્રંથોમાં... | ૪૫–૦ |
| **ઉપનિષદો–૧૧૨**—સરળ ભાષાંતર–ચાર ગ્રંથમાં... | ૪–૦ |
| **મહાભારતનું શાંતિપર્વ**—સરળ ભાષાંતર ... | ૭–૮ |
| **ગિરધરકૃત રામાયણ**—બીજી આવૃત્તિ ... ... | ૪–૮ |
| **માનસ રામાયણ**—બે ગ્રંથમાં, ૩૦ ચિત્રો ... | ૭–૦ |
| **તુલસીકૃત રામાયણ**—બે ગ્રંથમાં, ૩૬ ચિત્રો... | ૭–૮ |
| **વાલ્મીકિ રામાયણ**—૩૭ ચિત્રો સાથે ... ... | ૬–૮ |
| **યોગવાસિષ્ઠ મહારામાયણ**—ચાર દળદાર ગ્રંથોમાં | ૧૨–૦ |
| **શ્રીમદ્ ભાગવત**—બે ગ્રંથમાં, ૨૭ ચિત્રો ... | ૮–૦ |
| **ભગવતી (દેવી) ભાગવત**—આવૃત્તિ ૨ જી ... | ૬–૦ |
| **મનુસ્મૃતિ**—સરળ ભાષાંતર મૂળ શ્લોકો સહિત | ૩–૦ |
| **પાતંજલ યોગસૂત્ર**—સ્વા. વિવેકાનંદની ટીકા સાથે | ૧–૦ |
| **દત્ત-પરશુરામ**—મહાત્મા કૃષ્ણાત્મજજીકૃત ... | ૨–૦ |
| **રાજયોગ**—સ્વામી વિવેકાનંદકૃત ... ... ... | ૦–૧૨ |
| **જ્ઞાનયોગ**—(સ્વામી વિવેકાનંદકૃત) ... ... | ૦–૧૨ |
| **આખ્યાનમાળા**—ગ્રંથ ૧ લો તથા ૨ જો ... | ૬–૦ |
| **વૈદિક વિનય**—૩૬૦ વેદમંત્રો પ્રાર્થનાઓરૂપે ... | ૩–૧૨ |
| **તું કોણ ?**—સ્વામી માધવતીર્થ ... ... ... | ૨–૦ |

**અષ્ટાવક્રગીતા**—શ્લોક તથા સરળ અર્થ સાથે... ૦-૮
**ઉપદેશસારસંગ્રહ**—તામિલવેદનો અનુવાદ ... ૧-૮
**સુબોધરત્નાકર**—ધર્મનીતિનાં ૧૦૫ દૃષ્ટાંતો ... ૧-૮
**હૃદયતરંગ** અને **બ્રાહ્મણની ગૌ**... ... ... ૧-૦
**આર્યધર્મનીતિ** ને **ચાણક્યનીતિસાર** ... ૦-૮
**વિભુની વાટે** ને **રામાયણની રત્નપ્રભા** ... ૦-૪
**વિષ્ણુસહસ્ર નામાવલિ દર્શન**- ... ... ૦-૬
**વિષ્ણુસહસ્રનામ**—સરલ અર્થ સાથે ... ... ૦-૪
**આત્મરામાયણ**—અધ્યાત્મ વિષયનું સરળ પુસ્તક ૦-૧૨
**જીવન્મુક્તિવિવેક** (સ્વામી વિદ્યારણ્યકૃત) ... ૧-૪
**પરમાનંદની પ્રાપ્તિ**—વૈષ્ણવો માટે ઉપયોગી... ૧-૮
**શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા** ... ... ... ૪-૦
**પ્રભુમય જીવનનું રહસ્ય**... ... ... ... ૧-૦
**વિદુરનીતિ**—શ્લોક તથા અર્થ સાથે ... ... ૦-૧૨
**અવધૂત ગીતા**... ... ... ... ... ... ૧-૦
**શ્રીમદ્ ભગવદ્ગીતા—નીલકંઠી ટીકા** ... ૧-૧૦
**ભગવદ્ગીતા**—આવૃત્તિ ૧૮ મી ... ... ... ૦-૮
**શ્રીભગવદ્ગીતા**—આવૃત્તિ ૨૦ મી ... ... ૦-૪
**આત્મવિલાસ**—સ્વામી આત્માનંદ ... ... ૨-૦

## સંતવાણી, ઉપદેશો વગેરે

**મોક્ષમાળા**—શ્રીમદ્ રાજચંદ્રકૃત ... ... ... ૧-૪
**પરમ સુખી થવાના ઉપાયો**—શ્રીમન્નથુરામશર્મા ૨-૦
**શ્રીરામકૃષ્ણ કથામૃત**—બે ગ્રંથમાં નવી આવૃત્તિ ૫-૦
**દીવાને સાગર**—શ્રી સાગરકૃત ... ... ... ૪-૮

**અખાની વાણી**–સુધારાવધારા સાથે–ત્રીજી આવૃત્તિ ૩–૦
**પ્રીતમદાસની વાણી**–આવૃત્તિ ૨ જી ... ... ૨–૮
**ભજનસાગર**–ઉત્તમ ૯૩૧ ભજનોનો સંગ્રહ ... ૨–૮
**મીરાં અને નરસિંહ**–સંપાઃ જસ્ટીસ દિવેટિયા ૦–૧૨
**ગુજરાતની ગઝલો** (દી. બ. કૃષ્ણલાલ ઝવેરી) ૧–૦
**तुकाम्हणे**–સંત તુકારામના અભંગો ... ... ૦–૫
**જીવન પગલે**–સંપાદક નંદલાલ શાહ ... ... ૦–૧૦
**દાસબોધ**–( સમર્થ રામદાસ સ્વામીકૃત ) ... ૨–૮
**સ્વામી રામતીર્થ** (સદુપદેશો)–ગ્રંથ ૧ લા.રૂપે ૨–૮
,, ,, **સદુપદેશો**–(ગ્રંથ ૩જા રૂપે) ૨–૮
**સ્વામી વિવેકાનંદના ઉપદેશો**–(ભાગ ૪–૫) ૨–૪
,, ,, **ભક્તિયોગ**–(ભાગ ૮ મા રૂપે) ૧–૮
,, **પાતંજલ ને જ્ઞાનયોગ**–( ભાગ ૧૦,૧૧મો) ૨–૦
**તુકારામ ગાથા**–ગ્રંથ ૧ લો તથા ૨ જો ... ૬–૦
**વિવેકાનંદસાર**–સદ્. ભિક્ષુ–અખંડાનંદ ... ૨–૦

## સંતોનાં જીવનચરિત્રો—

**રામકૃષ્ણ પરમહંસ**–વિસ્તૃત ચરિત્ર ... ... ૨–૮
**સ્વામી વિવેકાનંદ**–ચરિત્ર–(ભાગ ૯ મા રૂપે) ૩–૦
**સ્વામી રામતીર્થ**–વિસ્તૃત ચરિત્ર–( ગ્રંથ ૪ થો ) ૩–૦
**સંત તુકારામ**–વિસ્તૃત ચરિત્ર ... ... ... ૨–૮
**ચૈતન્ય મહાપ્રભુ**–ખંડ ૧ થી ૫–ત્રણ ગ્રંથો ... ૬–૮
**જ્ઞાનેશ્વર મહારાજ ને મહાત્મા એકનાથ**... ૨–૮
**સ્વામીશ્રી બ્રહ્માનંદજી ને શિવાનંદજી** ... ૧–૬
**શ્રી રામચંદ્ર દત્ત ને નાગમહાશયનાં ચરિત્રો** ૧–૦

| | |
|---|---|
| **મહાત્મા સરયુદાસજી, ભૂધરભક્ત ને મહાત્મા જાનકીદાસનાં ચરિત્રો** ... | ૦-૧૦ |
| **ભક્તચરિત્ર**–૨૯ ભક્તોનાં ચરિત્રો... ... ... | ૨-૮ |
| **આદર્શ ચરિત્રસંગ્રહ**–ભા. ૨ જો ૭૦ ચરિત્રો... | ૨-૮ |
| **મુસ્લિમ મહાત્માઓ**–( ૯૬ ચરિત્રો ) ... | ૨-૪ |
| **નાનક**–અન્ય નવ ગુરુઓના ટૂંકા પરિચય સાથે | ૦-૬ |
| **મહર્ષિ દયાનંદ** ... ... ... ... ... | ૧-૦ |
| **રમણ મહર્ષિ**–સ્વામી માધવતીર્થજીકૃત ... ... | ૧-૦ |
| **મહાવીર**–ભગવાન મહાવીરનું ટૂંકું ચરિત્ર ... | ૦-૬ |
| **શ્રીતૈલંગ સ્વામી** તથા વિશુદ્ધાનંદ–નાં ચરિત્રો | ૦-૪ |

## ઐતિહાસિક તથા સાહિત્યવિષયક ગ્રંથો

| | |
|---|---|
| **ભારતના વીરપુરુષો**–વીર પુરુષોનાં ચરિત્રો | ૧-૪ |
| **વીર દુર્ગાદાસ** અથવા **મારુ સરદારો**... ... | ૧-૦ |
| **કચ્છની લોકવાર્તા**–ડુંગરશી ધ૦ સંપટ... ... | ૨-૦ |
| **સાહિત્યપ્રારંભિકા**–હિંમતલાલ ગ. અંજારિયા... | ૧-૦ |

## ખાસ સ્ત્રીઉપયોગી ગ્રંથો—

| | |
|---|---|
| **ભારતની દેવીઓ**–ત્રણ મોટા ગ્રંથોમાં ... | ૯-૦ |
| **દયાળુ માતા** અને **સદ્ગુણી પુત્રી** ... ... | ૦-૮ |
| **ટૂંકી વાર્તાઓ–ગ્રંથ ૧ લો**–સામાજિક ૬૬ વાતો | ૨-૮ |
| ,, ,, ,, ૨ જો–૫૭ વાતો... ... | ૨-૮ |
| ,, ,, ,, ૫ મો–૫૬ વાતો ... | ૨-૮ |
| ,, ,, ,, ૬ ઠ્ઠો–૮૬ વાતો... ... | ૨-૮ |

| | | |
|---|---|---|
| **સ્વર્ગનું વિમાન**—આવૃત્તિ ૫ મી | (પઢિયારકૃત) | ૨—૦ |
| **સ્વર્ગની કૂંચી**—આવૃત્તિ ૫ મી | ,, | ૨—૦ |
| **સ્વર્ગનો ખજાનો**—આવૃત્તિ ૪ થી | ,, | ૨—૦ |
| **સ્વર્ગનો પ્રકાશ**—આવૃત્તિ ૨ જી | ,, | ૨—૦ |
| **સ્વર્ગની જિંદગી**—આવૃત્તિ ૩ જી | ,, | ૨—૦ |
| **સ્વર્ગનો આનંદ**—આવૃત્તિ ૨ જી | ,, | ૨—૦ |
| **સ્વર્ગની સીડી**—આવૃત્તિ ૨ જી | ,, | ૨—૦ |
| **સ્વર્ગની સડક**—આવૃત્તિ ૨ જી | ,, | ૨—૦ |
| **સંસારમાં સ્વર્ગ**—આવૃત્તિ ૨ જી | ,, | ૨—૦ |
| **સાચું સ્વર્ગ**—આવૃત્તિ ૩ જી | ,, | ૨—૦ |

## ઉત્સાહ અને ચેતનાપ્રેરક ગ્રંથો

| | |
|---|---|
| **આત્મનીરિક્ષણ**—શ્રી. રમણલાલ વ. દેસાઇ | ૧—૦ |
| **સંસારમાં સુખ કયાં છે?** વા. મો. શાહ. ... | ૧—૦ |
| **સુબોધપુષ્પવાટિકા**—ગુલિસ્તાँનો અનુવાદ ... | ૦—૫ |
| **સુબોધ કથાસાગર**—બોધદાયક દૃષ્ટાંતો... ... | ૨—૦ |
| **આગળ ધસો**—'પુશિંગ ટુ ધી ફ્રન્ટ'નું ભાષાંતર ... | ૨—૮ |
| **ભાગ્યના સ્રષ્ટાઓ**—સંશોધિત આ. બીજી ... | ૨—૮ |
| **સુખી જીવનનાં સાધન** ... ... ... ... | ૧—૮ |
| **આદર્શ દૃષ્ટાંતમાળા**—ભાગ ૧ લો તથા ૨ જો... | ૪—૦ |
| **કતલખાનું**—ધી 'જંગલ'નું ભાષાંતર ... ... | ૩—૦ |
| **શુભ સંગ્રહ**—(ભાગ ૧, ૨ ને ૯) જુદા જુદા ત્રણ ગ્રંથો | ૫—૪ |

## વૈદકના તથા વિજ્ઞાનના ગ્રંથો—

| | |
|---|---|
| **આર્યભિષક**—૧૦ મી આવૃત્તિ ... ... ... | ૬—૦ |
| **ઔષધિ કલ્પલતા**—(સ્વામી કૃષ્ણાનંદજીકૃત) | ૦—૧૨ |

**વૈદક સંબંધી વિચારો**—ભાગ ૧ લો તથા ૨ જો... ૩–૧૨
**આયુર્વેદ નિબંધમાળા**—ભાગ ૧ તથા ૨ જો ૪–૪
**આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન**—ગાંધીજીકૃત... ૦–૮
**હિંદના આર્થિક વિકાસની યોજના** ... ૦–૮

બાળકો માટેનાં પુસ્તકો—

**બીરબલ અને બીજા**—જ્યોતિન્દ્ર હ૦ દવે ... ૧–૮
**ભારતીય નીતિકથાઓ**—મહાભારતમાંની ૫૨ વાતો ૦–૮
**સુબોધક નીતિકથા**—બિરબલકૃત ૧૫૨ વાતો... ૦–૮
**સદ્‌ગુણી બાળકો**—૬૯ ખરા બનાવો ... ... ૦–૪
**બાળસદ્‌બોધ**—વાર્તાઓ રૂપે ધાર્મિક શિક્ષણ ... ૦–૪
**બાળકોની વાતો**—ભાગ ૨ જો ... ... ... ૦–૮

## ‘ત્રણ આના’ શ્રેણીનાં પુસ્તકો

નીચેનાં પુસ્તકો સત્વર પ્રસિદ્ધ થશે.

| | | | |
|---|---|---|---|
| ગીતાસંકલન | ૦–૩ | મનને | ૦–૩ |
| જય ભારતી | ૦–૩ | જેસલ અને તોરલ | ૦–૩ |
| ગોપીચંદ, મેનાવતી ને જાલંધર | ૦–૩ | ભર્તૃહરિ ને વિક્રમ | ૦–૩ |

આ સિવાય બીજાં વધુ પુસ્તકો તૈયાર થાય છે.

**સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય**
ઠે. ભદ્ર. સેશન્સ કોર્ટ પાસે, **અમદાવાદ** અને
કાલબાદેવીરોડ, હાથીબિલ્ડીંગ, ત્રીજે માળ, **મુંબઈ–૨**

# 'સર્વોપયોગી સાહિત્યશ્રેણી'નાં પુસ્તકો

ઓછું ભણેલાંઓ રસપૂર્વક વાંચી–સમજી શકે એવાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાની યોજના તૈયાર કરી છે અને તેનાં બધાં પુસ્તકો સરળતાથી વાંચી શકાય એવા મોટા અક્ષરોમાં છપાશે.

## આ યોજનાનાં પુસ્તકો

**તૈયાર છે.**

૧ પ્રકાશનાં પગલાં
૨ રાખની ઢગલી
૩ હાસ્ય–તરંગ
૪ જીવનની કલા
૫ જગતમાં જાણવા જેવું
૬ જીવનપરિવર્તન

**મે માસમાં પ્રસિદ્ધ થશે**

૭ ઇતિહાસને અજવાળે
૮ મારો ભારતદેશ
૯ પ્રભુનાં પયગમ્બર
૧૦ સ્ત્રીશક્તિનાં દર્શન
૧૧ ગૃહજીવનની કલા
૧૨ રવીન્દ્ર–જીવન

**સપ્ટેમ્બરમાં પ્રસિદ્ધ થશે**

૧૩ જાગ્રત નારી
૧૪ ગામડું બોલે છે
૧૫ સાહસ–કથાઓ
૧૬ ગુજરાતના સેવકો
૧૭ આરોગ્યસાધના
૧૮ ગૃહજીવનનાં દશ્યો

★ ઉપરના દરેક પુસ્તકની છૂટક કિંમત **દસ આના** છે.
★ બધાં પુસ્તકો માટે નામ નોંધાવનારને ૧૮ પુસ્તકોના કુલ થતા રૂા. ૧૧–૪ ને બદલે **માત્ર રૂા. ૧૦)માં** મળશે.
★ ટપાલખર્ચ રૂા. ૧–૮ જુદું.

# સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર, સેશન્સ કોર્ટ પાસે, **અમદાવાદ** અને
કાલબાદેવીરોડ, હાથીબિલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ–૨**

તા. ૯–૩–૪૫

૬૦૦ પાનના વિદ્વાનોના લેખો સાથેની નવી આવૃત્તિ

# મહાભારત—સંપૂર્ણ

૭ા"×૧૦ા" કદનાં એકંદર પાન ૫૨૦૮ : ચિત્રો ૨૭

## ૭ દળદાર ગ્રંથોમાં : મૂલ્ય રૂ. ૪૫)

૧ આદિ ને સભાપર્વ
૨ વન ને વિરાટપર્વ
૩ ઉદ્યોગ ને ભીષ્મપર્વ
૪ દ્રોણપર્વ
૫ કર્ણ, શલ્ય, સૌપ્તિક ને સ્ત્રીપર્વ
૬ શાંતિપર્વ
૭ અનુશાસન, આશ્વમેધિક, આશ્રમવાસિક મૌસલ, મહાપ્રસ્થાનિક, ને સ્વર્ગારોહણપર્વ

આર્યોના ઇતિહાસ, પુરાણ, ધર્મશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનના ગ્રંથોમાં જે કંઈ છે તે તે બધું આમાં છે અને આમાં જે કંઈ નથી તે બીજે ક્યાંય પણ મળવા સંભવ નથી.

### મહાત્મા ગાંધીજી કહે છે કે:—

**"મહાભારતને અમૂલ્ય રત્નોની એકાદ અખૂટ ખાણ સાથે જ સરખાવી શકાય; એ ખાણને જેમ જેમ વધુ ઊંડી ખોદીએ છીએ તેમ તેમ તેમાંથી વધારે કીમતી જવાહિરો નીકળે છે."**



જેમને પોતાના કુટુંબીજનોના અને સંતતિના સંસ્કારોની કાંઈ પણ કિંમત હોય તેમણે આ સંસ્કારની કામધેનુ જેવા ગ્રંથને વસાવી લેવો જોઈએ.

સ્ત્રીઓ અને ભણેલાં બાળકો પણ વાંચી શકે એવા મોટા અક્ષરોમાં આ સાતે ગ્રંથો છાપેલા છે.

## સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે—**અમદાવાદ** ને કાલબાદેવીરોડ, **મુંબઈ—૨.**



૧૮૭૪ / ૧૯૫

મહર્ષિ દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધીજી અને ભિક્ષુ અખંડાનંદ, એ ત્રણ મહાપુરુષો આપ્યા છે.

એ ત્રણે મહાપુરુષોએ જનતાના હિતનો મહાન સિદ્ધાંત વિચાર્યો, જાહેર કર્યો ને પોતાના જ જીવન દ્વારા અનેક મુસ્કેલીઓનો સામનો કરીને ક્રિયાના પ્રદેશમાં એ સિદ્ધાંતને સફળ કર્યો.

સંત અને કર્મયોગી એવા ભિક્ષુ અખંડા‌ જનસેવાનો ઉચ્ચ પ્રકાર દેખાડ્યો છે.

તેમણે અજ્ઞાનરૂપી અંધારો દૂર કરવા માટે પુસ્તકો દ્વા ઉત્તમ વાચનરૂપી રસાયન લાખો ગુજરાતીઓને પૂરું પાડ્યું

તેમણે ઋષિમુનિઓની વાણી અને વિદ્વાન લેખકો વિચારોનો પ્રચાર કરી જનતાને નવું જીવન આપ્યું છે. તે સાહિત્યના મહાન ક્ષેત્રમાંથી ત્રણસો જેટલાં ઉત્તમ પુસ્ત ચૂંટીને, સર્વ રીતે શુદ્ધ કરીને સરળ અને સહેલાઇથી વાં શકાય તેવા મોટા અક્ષરોમાં છપાવ્યાં અને તેની લા પ્રતો ગરીબમાં ગરીબ માણસને પોસાય એવી સસ્ કિંમતે ગુજરાતના ઘરેઘરમાં પહોંચાડી છે.

આ અગ્રગણ્ય સંતપુરુષે 'कथयन्तो मां नित्यं' ગીતાસૂત્ર પ્રમાણે, છેક છેવટની ઘડી સુધી ગુજરાતના જીવન અનેક શુભ સંસ્કારો રેડ્યા

તે શ્રે ... રહે તેવી વ્યવ પણ તેમણે ...

જ્ઞાનનું ... અને એ પ્રદેશ પહેલી પંક્તિ ... ખંડાનંદનું સ્થ ગુજરાતના ગં ... મા અપ્રતિમ રહે

Serving JinShasan
026094
gyanmandir@kobatirth.org

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } અમદાવા ને મુંબઈ

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ લ૦ ઠક્કર
સસ્તું સાહિત્ય મુદ્રણાલય, ઠે. રાયખડ, અમદાવાદ